NAVSARI AGRICULTURAL UNIVERSITY

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંતર્ગત યોજાયેલ
# દક્ષિણ ગુજરાત ઝોન મેગા ઈવેન્ટ કાર્યક્રમનો અહેવાલ

**તારીખ :** ૧૨/૦૫/૨૦૧૬ **સ્થળ :** જીમખાના મેદાન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**પ્રસ્તાવના :**

રાજય સરકારશ્રી તરફથી સને ૨૦૦૫થી દર વર્ષે ચોમાસાં પહેલાં અખાત્રિજના માસ દરમ્યાન રાજય વ્યાપી ભવ્ય ખરીફ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાન માં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજય સરકારશ્રીની વિવિધ લોક કલ્યાણની યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે. "કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિ"ની વિભાવનાની આગેકૂચ માટે ચાલુ વર્ષ ૨૦૧૬ દરમ્યાન રાજય સરકારશ્રી તરફથી તા.૦૯/૦૫/૨૦૧૬ થી ૩૧/૦૫/૨૦૧૬ (૨૩ દિવસ) સુધી ૧૨માં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૧૬ના રોજ નવસારી ખાતે યોજાયેલ "દક્ષિણ ગુજરાત ઝોન મેગા ઈવેન્ટ કાર્યક્રમ" નો અહેવાલ નીચે મુજબ સાદર રજૂ કરવામાં આવે છે.

### (૧) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ મેગા ઈવેન્ટ ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમ :

નવસારી કૃષિ યુનિવર્સિટી અને નવસારી જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં કૃષિ મહોત્સવ–૨૦૧૬ અંતર્ગત દક્ષિણ ગુજરાત ઝોન મેગા ઈવેન્ટ કાર્યક્રમ તા.૧૨/૦૫/૨૦૧૬ને ગુરૂવારના રોજ જીમખાના મેદાન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલ હતો, જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- માન.મુખ્યમંત્રીશ્રીનું સવારના ૦૯.૩૦ કલાકે હેલીપેડ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે આગમન.
- સમારોહના ઉદ્દઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી સવારના ૦૯.૩૪ કલાકે દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના સભામંડપમાં પધાર્યા હતા. સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો/કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રીનું કૃષિ પેદાશની ટોપલી આપીને સ્વાગત કર્યુ હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. સી.જે.ડાંગરીયા તરફથી કૃષિ પેદાશનો હાર પહેરાવી માન. મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- પદાધિકારીઓ, સખી મંડળની બહેનો તેમજ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પણ માન. મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યુ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રી સાથે સભામંડપમાં નીચે દર્શાવેલ મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

  ૧. શ્રી મંગુભાઈ પટેલ, માન.મંત્રીશ્રી, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય

  ૨. શ્રી આર.સી. પટેલ, માન.નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા

  ૩. શ્રી ભરતસિંહ પરમાર, ભાજપ પ્રદેશ મહામંત્રીશ્રી

  ૪. શ્રી દિનેશભાઈ પટેલ, માન.પ્રમુખશ્રી , જિલ્લા પંચાયત, નવસારી

  ૫. શ્રી પિયુષભાઈ દેસાઈ, માન.ધારાસભ્યશ્રી, નવસારી

  ૬. શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી, સુરત (પૂર્વ)

૭. શ્રી કનુભાઈ દેસાઈ, માન.ધારાસભ્યશ્રી, પારડી

૮. શ્રી ઈશ્વરસિંહ પટેલ, માન.ધારાસભ્યશ્રી, અંકલેશ્વર

૯. શ્રી ઈશ્વરભાઈ પરમાર, માન.ધારાસભ્યશ્રી, બારડોલી

૧૦. શ્રીમતિ ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્યશ્રી, ચોર્યાસી

- ઉદ્દઘાટન સમારોહમાં માન.મુખ્યમંત્રીશ્રીએ ૦૯.૫૧ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કર્યુ હતું.
- નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ બુક (દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંલગ્ન નવિન ટેકનોલોજી અને વ્યવસાયો) અને આઠ ખેડૂતોપયોગી વીસીડીઓનું માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીએ વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૫૫ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.
- ઉદબોધન બાદ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૬ લાભાર્થીઓને યોજનાકીય સહાયના ચેક/મંજૂરીપત્ર એનાયત કરવામાં આવેલ હતા.
- માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા કૃષિક્ષેત્રે, પશુપાલનક્ષેત્રે અને મત્સ્યપાલનક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનાર ૫ પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું.
- માન.મુખ્યમંત્રીશ્રીના કન્યા કેળવણી નિધી માટે પાંચ સંસ્થાઓ દ્વારા ચેક અર્પણ કરવામાં આવ્યા.
- નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. સી.જે.ડાંગરીયા તરફથી માન.મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યું.
- નવસારી જિલ્લા વહીવટી તંત્ર તરફથી માન.મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યું.
- કાર્યક્રમની આભારવિધિ ડો. એ.એન. સાબલપરા, સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીએ કરી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રીના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર લગભગ ૧૪,૭૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.
- મેગા ઈવેન્ટ સમારોહના ઉદઘાટન અને ઉદબોધન પુરૂ થયા બાદ માન.મુખ્યમંત્રીશ્રીએ કૃષિમેળો અને પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લઈને કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટોલધારકો સાથે નવિન કૃષિ ટેકનોલોજી અંગે ચર્ચા કરી હતી.
- માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કૃષિમેળો અને પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધા બાદ આગળના ગંતવ્ય સ્થાને જવા માટે બપોરના ૧૧.૫૦ કલાકે પ્રયાણ કર્યુ હતું.

## (૨) કૃષિમેળો અને પ્રદર્શન :

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૧૬ અને તા.૧૩/૦૫/૨૦૧૬ એમ બે દિવસ માટે જીમખાના મેદાન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કૃષિમેળો અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું, જેની સંક્ષિપ્તમાં વિગત નીચે મુજબ છે.

- કૃષિમેળાની તારીખ, સ્થળ અને સમય : તા. ૧૨/૦૫/૨૦૧૬ અને તા.૧૩/૦૫/૨૦૧૬ (બે દિવસ) જીમખાના મેદાન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે દરરોજ સવારના ૯.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધી.
- કૃષિમેળામાં થીમ પ્રમાણે કુલ પાંચ ડોમમાં ૧૦'×૧૦' ની સાઈઝના કુલ ૧૦૦ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવેલ હતા, જે પૈકી ૩૦ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી, ૨૦ સ્ટોલ્સ નવસારી જિલ્લાના ખેતીવાડી અને અન્ય વિભાગોના, ૨૦ સ્ટોલ્સ રાજય સરકારશ્રીના વિવિધ વિભાગોના અને ૩૦ સ્ટોલ્સ ઈવેન્ટ મેનેજમેન્ટ પાર્ટી દ્વારા એગ્રો ઈનપુટ ડીલર્સ / માર્કેટીંગ કરતી કંપનીઓના રાખવામાં આવેલ હતા. જયારે એક ડોમમાં પશુપાલન ખાતા દ્વારા થીમ બેઝ પ્રદર્શન રાખવામાં આવેલ હતું.

- કૃષિ પ્રદર્શનમાં પ્રદશિત કરવામાં આવેલ નવિનતમ ટેકનોલોજી અંગે ખેડૂતોને વિગતવાર સમજ મળી રહે તે માટે પ્રદર્શન ડોમ નં. ૨ અને ડોમ નં. ૪માં ૧૦૦–૧૦૦ ખેડૂતો માટે બેસવાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી, જેમાં ખેડૂત–વૈજ્ઞાનિક ચર્ચા સભા/ કિસાન ગોષ્ઠી રૂપે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા કરી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતું.
- ઉપરોકત બે દિવસ દરમ્યાન ૧૬૨૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.
- **નવસારી કૃષિ યુનિવર્સિટીના ૩૦ સ્ટોલ્સની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | કૃષિ ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર વિભાગ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નવસારી કૃષિ યુનિવર્સિટી પરિચય | કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી | 2 |
| ૨ | જમીન વિજ્ઞાન–સોઈલ હેલ્થ કાર્ડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ, નકૃયુ, નવસારી | 2 |
| ૩ | કૃષિમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ICT)નો ઉપયોગ | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી | 1 |
| ૪ | શેરડી : ટકાઉ ખેતીનો અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી | 2 |
| ૫ | કપાસ : નવી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ સુરત | 2 |
| ૬ | ડાંગરની નવી ક્ષિતીજો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી (વ્યારા સાથે સંકલન) | 2 |
| ૭ | કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | 2 |
| | તેલિબીયાં પાકો : પીળુ સોનુ (મગફળી,દિવેલાં,ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા | |
| ૮ | જુવારની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, સુરત | 1 |
| ૯ | બાગાયત : હાઈટેક હોર્ટિકલ્ચર, ફૂલો, પપૈયા, શાકભાજી, કંદમૂળ અને ઔષધિય પાકો | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | 6 |
| | લો–કોસ્ટ ગ્રીન હાઉસ | | |
| | ફોરેસ્ટ્રી : વન ઉછેર અને પેદાશો | | |
| | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીઃ મુલ્યવર્ધન કેળ અને ઓર્ગેનીક ખેતી | | |
| ૧૦ | જળ, જમીન વ્યવસ્થાપન અને બનાના સ્યુડો સ્ટેમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૧ | આદર્શ પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ વેટરીનરી કોલેજ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૨ | મત્સ્યપાલન | | 1 |
| ૧૩ | કૃષિ પાકોમાં કીટક નિયંત્રણ અને વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, પ્રાધ્યાપકશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | 1 |
| ૧૪ | નાગલી– મુલ્ય વૃધ્ધિ અને કુપોષણમાં મહત્વ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ | 1 |
| ૧૫ | કૃષિ યાંત્રિકીકરણ અને સુધારેલ ખેત ઓજારો | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ, નમકૃમ, નવસારી | 1 |
| ૧૬ | કૃષિ માહિતી અને સાહિત્ય | એટીક અને સરદાર સ્મૃતિ કેન્દ્ર નકૃયુ, નવસારી | 1 |
| ૧૭ | સફળ વાર્તા અને કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી | 1 |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **30** |

## (૩) કૃષિ પ્રદર્શન ડોમમાં ખેડૂત–વૈજ્ઞાનિક ચર્ચા સભા / કિસાન ગોષ્ઠી :

કૃષિ પ્રદર્શનના મુલાકાતી ખેડૂતો સ્ટોલ્સની મુલાકાત દરમ્યાન પોતાને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી મેળવી શકે તે માટે પ્રદર્શનના બે ડોમ (ડોમ–૨ અને ડોમ–૪) માં ૧૦૦–૧૦૦ ખેડૂતો બેસી શકે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી, જેમાં કિસાન ગોષ્ઠી રૂપે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતું. ખેડૂતોને માહિતી પુરી પાડવા માટે નીચે મુજબના કૃષિ વૈજ્ઞાનિકોના વકતવ્યો ગોઠવવામાં આવેલ હતા.

| અ.નં. | કૃષિ વૈજ્ઞાનિકનું નામ અને હોદ્દો | વિષય |
|---|---|---|
| ૧ | ર્ડા. કે.જી. પટેલ,<br>સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | સેન્દ્રિય ખેતી |
| ૨ | ડો. એસ.જે. પાટીલ,<br>સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | બાગાયતી પાકોની વૈજ્ઞાનિક ખેતી |
| ૩ | ર્ડા. પથીક બી. પટેલ<br>સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય ડાંગર સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ડાંગરની વૈજ્ઞાનિક ખેતી |
| ૪ | ર્ડા. યોગેશ ડી. પઢેરિયા<br>મદદનીશ પ્રાધ્યાપક, વેટેરીનરી મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | આદર્શ પશુપાલન |
| ૫ | ર્ડા. શૈલેષ માલી,<br>સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | શેરડીની વૈજ્ઞાનિક ખેતી |
| ૬ | ર્ડા. એ.આર. કસવાલા,<br>સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | સેન્દ્રિય ખેતી |

## (૪) કૃષિ સાહિત્યનું પ્રકાશન :

દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકોની આધુનિક ખેતી પધ્ધતિઓ અને નવિનતમ કૃષિ ટેકનોલોજી ગામડાંઓમાં વસતાં ખેડૂતો સુધી પહોંચે અને જરૂરના સમયે તેઓ તેનો ઉપયોગ કરીને ખેતીમાં  વિકાસ સાધી શકે તે માટે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા સાદી અને સરળ ગુજરાતી ભાષામાં નીચે કોઠામાં દર્શાવ્યા મુજબના કૃષિ સાહિત્યનું પ્રકાશન કરવામાં આવેલ છે.

| અ.નં. | સાહિત્યનો પ્રકાર | સાહિત્યનું ટાઈટલ | પ્રત |
|---|---|---|---|
| ૧. | પુસ્તિકા | દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંલગ્ન નવિન ટેકનોલોજી અને વ્યવસાયો | ૨૦૦૦ |
| ૨. | ફોલ્ડર્સ | વિવિધ ૧૩ વિષયોના ફોલ્ડર્સ (યાદી આ સાથે સામેલ છે) | ૩૯૦૦૦ |
| ૩. | ઈ–સાહિત્ય (વીસીડી) | વિવિધ ૩૦ વિષયોની વીસીડી (યાદી આ સાથે સામેલ છે) | ૧૨૦૦ |

**► વિવિધ ૧૩ વિષયોના ફોલ્ડરો નીચે મુજબ પ્રકાશિત કરવામાં આવેલ હતા.**

| અ.નં. | ફોલ્ડરનો વિષય |
|---|---|
| ૧ | આકસ્મિક પાક આયોજન(કન્ટીન્જન્સી પ્લાન) : બદલાયેલ હવામાનમા ખેતીને ટકાવવાનો વૈજ્ઞાનિક અભિગમ |
| ૨ | દક્ષિણ ગુજરાતમા સેન્દ્રિય ખેતીની શકયતા |
| ૩ | જળ અને જમીન વ્યવસ્થાપન |
| ૪ | કેળના થડની મુલ્યવૃધ્ધિ |
| ૫ | ક્ષારગ્રસ્ત જમીન સુધારણા અને સોઈલ હેલ્થ કાર્ડની ઉપયોગીતા |
| ૬ | જમીનની તદુરસ્તીઃ પાચ સુત્રીય કાર્યક્રમ |
| ૭ | જૈવિક ખાતરોનુ ખેતીમા મહત્વ |

| | |
|---|---|
| ૮ | આદર્શ પશુપાલન માટે વૈજ્ઞાનિક અભિગમ |
| ૯ | બકરાપાલન : ઓછા ખર્ચે જીવન નિર્વાહની સુનિશ્ચિતતા |
| ૧૦ | વર્તમાન સમયમા ખેતી માટે લાભકારક કૃષિ વાનિકી (Agro Forestry) |
| ૧૧ | દક્ષિણ ગુજરાતમા મત્સ્યપાલનઃ ગામ તળાવમા મિશ્ર મત્સ્ય ઉછેર દ્વારા નિયમિત આવક અને આર્થિક સમૃધ્ધિ |
| ૧૨ | મધમાખી પાલનઃ વધુ નફો આપતો રોજગારી માટેનો એક સફળ વ્યવસાય |
| ૧૩ | મશરૂમની ખેતી |

**► વિવિધ ૩૦ વિષયોની વીસીડી નીચે મુજબ પ્રકાશિત કરવામાં આવેલ હતી.**

| અ.નં. | વીસીડીનો વિષય | અ.નં. | વીસીડીનો વિષય |
|---|---|---|---|
| ૧ | પશુપાલન : સફળ મહિલા | ૧૬ | મુલ્યવર્ધન : ઘરબેઠા કરો |
| ૨ | ગ્રીન હાઉસ : પ્રાથમિક સમજ | ૧૭ | મધમાખી પાલન : મધુરૂ મધ |
| ૩ | કેળ : ખોલે સમૃધ્ધિના દ્વાર | ૧૮ | બકરાપાલન વ્યવસાય |
| ૪ | આંબો : અમૃત ફળ | ૧૯ | વેલાવાળા શાકભાજીની ખેતી |
| ૫ | જળ સંચય : પાણી બચાવો | ૨૦ | કિચન ગાર્ડન/ટેરેસ ગાર્ડન |
| ૬ | રીંગણ : વૈજ્ઞાનિક ખેતી | ૨૧ | ઘાસચારાનાં પાકો |
| ૭ | શેરડી : મીઠી મધુરી | ૨૨ | સજીવ/ઓર્ગેનિક ખેતી |
| ૮ | તુવેર : ઉત્કૃષ્ટ કઠોળ | ૨૩ | કૃષિ ઓજાર/સાધનો |
| ૯ | વર્મીકમ્પોસ્ટ વાપરો | ૨૪ | ચીકુ વૈજ્ઞાનિક ખેતી |
| ૧૦ | ડાંગરની કચય પધ્ધતિ : શ્રી | ૨૫ | તાડની વૈજ્ઞાનિક ખેતી |
| ૧૧ | જૈવિક ખાતર : બાયોફર્ટીલાઈઝર | ૨૬ | ગુલાબી ઈયળ : (IPM) |
| ૧૨ | સંકલિત જીવાત નિયંત્રણ (IPM) | ૨૭ | મત્સયપાલન વ્યવસાય |
| ૧૩ | સંકલિત રોગ નિયંત્રણ (IDM) | ૨૮ | ઝીંગાપાલન વ્યવસાય |
| ૧૪ | દાડમ : સુખની સોડમ | ૨૯ | મગફળીનો મોલ અનમોલ |
| ૧૫ | ભીંડા : ભવ્ય શાકભાજી | ૩૦ | પશુ આરોગ્ય |

## (૫) કૃષિ સાહિત્યનું વિમોચન :

મેગા ઈવેન્ટ ઉદઘાટન સમારોહમાં માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે નીચે દર્શાવ્યા મુજબના કૃષિ સાહિત્યનું વિમોચન કરવામાં આવેલ હતું.

**૫.૧ પુસ્તિકા :** દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંલગ્ન નવિન ટેકનોલોજી અને વ્યવસાયો

**૫.૨ ઈ–સાહિત્ય (વીસીડી) :** મુખ્ય ૮ વિષયોની વીસીડીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સજીવ ખેતી : ઓર્ગેનિક ફાર્મિંગ | ૫. | વર્મીકમ્પોસ્ટ વાપરો |
| ૨. | કિચન ગાર્ડન/ટેરેસ ગાર્ડન | ૬. | મધમાખી પાલન : મધુરૂ મધ |
| ૩. | જૈવિક ખાતર : બાયોફર્ટીલાઈઝર | ૭. | પશુ આરોગ્ય |
| ૪. | મુલ્યવર્ધન : ઘર બેઠા કરો | ૮. | મત્સ્યપાલન વ્યવસાય |

## (૬) મેગા ઈવેન્ટ સમારોહ દરમ્યાન યોજવામાં આવેલ સેમિનાર :

મેગા ઈવેન્ટ સમારોહ દરમ્યાન તા. ૧૨ અને ૧૩ મે, ૨૦૧૬ (બે દિવસ) દરમ્યાન નીચે મુજબ ચાર સેમિનારોનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં નીચે મુજબ કુલ ૪૭૬ ખેડૂતોએ ભાગ લીધેલ હતો.

| તારીખ | સમય | વિષય | સ્થળ | વકતવ્યનો વિષય | વકતા | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧૨/૦૫/૨૦૧૬ | બપોરે ૨.૩૦ થી ૫.૦૦ | પશુપાલન | સેમિનાર હોલ, નમકૃમ, નકૃયુ, નવસારી | નફાકારક પશુપાલન | ડાં. યોગેશકુમાર ડી.પઢેરીયા, મદદનીશ પ્રાધ્યાપક, વેટેનરી કોલેજ, નકૃયુ, નવસારી | ૧૫૮ |
| | | | | પશુપાલનની સહાયકારી યોજનાઓ | ડાં. એમ.જી.પ્રજાપતિ, જિલ્લા પશુપાલન અધિકારીશ્રી, નવસારી | |
| | | | | આરોગ્યની જાળવણી દ્વારા મહત્તમ નફો મેળવો | ડાં. પુષ્પા રાઠોડ , મદદનીશ પ્રાધ્યાપક, વેટેનરી કોલેજ, નકૃયુ, નવસારી | |
| ૧૨/૦૫/૨૦૧૬ | બપોરે ૨.૩૦ થી ૫.૦૦ | સહકાર | એકઝામિનેશન હોલ, નમકૃમ, નકૃયુ, નવસારી | ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર | શ્રી જે. જી. પંડયા, નિયામકશ્રી, ખેત બજાર અને ગુજરાત ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર | ૧૮૪ |
| | | | | સહકારી ધિરાણ અને ગ્રામ્ય અર્થતંત્ર | શ્રી જે.જે.શાહ સંયુકત રજીસ્ટ્રાર, ધિરાણ સહકાર વિભાગ ગુજરાત રાજય, ગાંધીનગર | |
| | | | | સહકારી સંસ્થાઓનો ગ્રામીણ વિકાસમાં ફાળો | ડાં. રૂચિરા શુકલા, સહ પ્રાધ્યાપક, એએબીએમઆઈ, નકૃયુ, નવસારી. | |
| | | | | કૃષિ પેદાશોમાં માર્કેટીંગના મહત્વનાં પાયાઓ | ડાં. અલ્પેશ લેઉઆ, સહ પ્રાધ્યાપક, એએબીએમઆઈ, નકૃયુ, નવસારી. | |
| | | | | ખેત પેદાશની બજાર વ્યવસ્થા | પ્રો. ગૌતમ પરમાર, મદદનીશ પ્રાધ્યાપક, એએબીએમઆઈ, નકૃયુ, નવસારી. | |
| ૧૩/૦૫/૨૦૧૬ | સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ | કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ | સેમિનાર હોલ, નમકૃમ, નકૃયુ, નવસારી | ઉદ્યોગ સાહસિકતા | શ્રી વિનોદભાઈ દેસાઈ, સીએ | ૬૮ |
| | | | | સરકારની સહાયકારી યોજનાઓ | શ્રી કે.એસ. રંધાવા, જી.એમ., ગુજરાત એગ્રો | |
| | | | | ફૂડ પ્રોસેસિંગ અને ઉદ્યોગ | શ્રી પંકજભાઈ શેઠ, ભુતપૂર્વ પ્રમુખ, નવસારી ચેમ્બર ઓફ કોમર્સ | |
| | | | | ખેત પેદાશની બજાર વ્યવસ્થા | પ્રો. ગૌતમ પરમાર | |
| | | | | કૃષિ : વ્યવસાય તરીકે | ડાં. ફકીર મોહન સાહુ | |
| ૧૩/૦૫/૨૦૧૬ | બપોરે ૨.૩૦ થી ૫.૦૦ | બાગાયત | એકઝામિનેશન હોલ, નમકૃમ, નકૃયુ, નવસારી | આંબા અને ચીકુની અદ્યતન ખેતી પધ્ધતિ | ડાં. એસ.જે. પાટીલ, સહ પ્રાધ્યાપક, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી. | ૬૬ |
| | | | | શાકભાજીમાં અગત્યના ખેતી કાર્યો | ડાં. એસ.એમ. પટેલ, સહ પ્રાધ્યાપક, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી. | |
| | | | | ફુલપાકોમાં અગત્યના ખેતી કાર્યો | ડાં. એસ.એલ. ચાવલા, સહ પ્રાધ્યાપક, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી. | |
| | | | | શાકભાજી પાકોની રક્ષિત ખેતી | ડાં. એન.બી. પટેલ, સહ પ્રાધ્યાપક, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી. | |
| | | | | બાગાયતી પાકોમાં પાક સંરક્ષણ | ડાં. પી.આર. પટેલ, સહ પ્રાધ્યાપક, બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી. | |
| | | | | | કુલ | ૪૭૬ |

# કૃષિ સાહિત્ય પ્રકાશનના ફોટોગ્રાફસ



ઈ–સાહિત્ય (વીસીડી)




પુસ્તિકા



વિવિધ ૧૩ વિષયોના ફોલ્ડર્સ



ફોલ્ડર્સ

## માન.મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયેલ
## દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના ઉદઘાટન સમારોહના ફોટોગ્રાફસ





















## માન.મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાયેલ
## દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહના ફોટોગ્રાફસ














# માન.મુખ્યમંત્રીશ્રીની કૃષિમેળાની મુલાકાત દરમ્યાનના ફોટોગ્રાફસ










# મેગા ઈવેન્ટ દરમ્યાન યોજવામાં આવેલ ચાર સેમિનારોના ફોટોગ્રાફસ





પશુપાલન સેમિનાર દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો, ખેડૂતો અને વકતવ્ય આપતા કૃષિ વૈજ્ઞાનિક






સહકાર સેમિનાર દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો, ખેડૂતો અને વકતવ્ય આપતા અધિકારી





કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ સેમિનાર દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો, ખેડૂતો અને વકતવ્ય આપતા અધિકારી






બાગાયત સેમિનાર દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો, ખેડૂતો અને વકતવ્ય આપતા કૃષિ વૈજ્ઞાનિક

# કૃષિ પ્રદર્શન ડોમમાં ખેડૂત–વૈજ્ઞાનિક ચર્ચા સભા / કિસાન ગોષ્ઠીના ફોટોગ્રાફસ

## ડોમ નં. ૨માં યોજાયેલ ચર્ચા સભા / કિસાન ગોષ્ઠીમાં ઉપસ્થિત ખેડૂતો અને વકતવ્ય આપતા કૃષિ વૈજ્ઞાનિક









## ડોમ નં. ૪માં યોજાયેલ ચર્ચા સભા / કિસાન ગોષ્ઠીમાં ઉપસ્થિત ખેડૂતો અને વકતવ્ય આપતા કૃષિ વૈજ્ઞાનિક









-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-